સ્વદેશભક્ત

ઑનરેબલ્ પંડિત અયોધ્યાનાથ

નું

સંક્ષિપ્ત જીવનચરિત્ર.

લેખક

મોહનલાલ પ્રસાદરાય મહેતા.

પારસી પ્રિંટીંગ પ્રેસ.

સ્વદેશભક્ત

ઑનરેબલ્ પંડિત અયોધ્યાનાથ

નું

સંક્ષિપ્ત જીવનચરિત્ર.

લેખક

મોહનલાલ પ્રસાદરાય મહેતા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

વિદ્યાવિલાસી મિત્રમંડળ, મુંબઈ.

(જુલાઈ ૧૮૯૯)

કીમત: એક આનો.

મુંબઈમાં,
"પારસી પ્રિન્ટીંગ" પ્રેસમાં છાપ્યું.

નિવાપાંજલી.

સ્વર્ગવાસી પરમમિત્ર મણિલાલ નભૂભાઇ દ્વિવેદી બી. એ.

"આ મારૂં અને આ તારૂં" એવા ક્ષુદ્ર વિચારની પાર ગએલા અને અભેદમય પ્રેમાર્ણવમાં જે ડુબેલા તેને કીર્તિ કે નામસ્મરણની શી અપેક્ષા હોય? પરંતુ હૃદયના સંતોષાર્થે તેવા મિત્ર મણિને આ નિવાપાંજલી શ્રદ્ધાસહિત અર્પણ કરૂં છું.

હૃદય જેને, પુકારે છે,
હૃદય તેનું, સુણી લે છે;
હૃદય જે જે, સમર્પે છે,
હૃદય તે, તે સ્વીકારે છે.

સદા સ્નેહાધિન

મોહનલાલ પ્રસાદરાય મહેતા.

સંકલના.

ઉપોદ્ઘાત.

વિદ્યાર્થી બન્ધુઓ:—

કાલચક્રના ભ્રમણમાં આ દેશ જે હાલ પડતી સ્થિતિએ આવી પડયો છે, તેનો ઉદય થવાનાં શુભ ચિન્હો થોડાંએક વર્ષથી દ્રષ્ટિગોચર થાય છે. તે ચિન્હોમાં સર્વથી ઉજ્જવલ ચિન્હ તો સ્વદેશાભિમાની નરોનું આ દેશમાં અવતરવું અને સ્વદેશભક્તિમાં તેઓનું નિડરતાથી ઘૂમવું એ છે. જે મહાન્ નરો આ દેશમાં વર્તમાન કાલમાં, દેશને ઉચ્ચ સ્થિતિએ લાવવાને મહા પ્રયત્ન કરેછે, તે પુરૂષો જોકે સંખ્યામાં થોડા છે પરંતુ પરાક્રમોમાં થોડા નથી એ આનંદની વાત છે. એવા એક મહાન્ પુરૂષ, પંડિત અયોધ્યાનાથનું સંક્ષિપ્ત જીવનચરિત્ર વિદ્યાર્થીઓ આગળ મૂકતાં અમને ઘણો હર્ષ થાય છે. વિશેષ હર્ષ એટલા માટે થાય છે કે જેને સંબોધીને આ વિષય લખવામાં આવે છે તેવા વિદ્યાર્થીઓજ જીવનચરિત્રોના અભ્યાસના સુપાત્રો છે.

"वर्तमान कालनुं बालक, ते भविष्य कालनो पिता छे." એ સુપ્રસિદ્ધ અંગ્રેજી કહેવત ઘણી અર્થસૂચક છે. જે બાલકો આજે નાદાન, થોડી બુદ્ધિનાં, અને પરાશ્રિત છે તેજ બાલકોમાંથી ભવિષ્યકાલના મહાત્માઓ, મહર્ષિઓ, કવિઓ, સ્વદેશ ભક્તો, દેશોદ્ધારકો અને દાનેશ્વરીઓ ઉત્પન્ન થાય છે. એ મહત્વના અંશોનાં બીજ ઘણાંએ બાલકોમાં વર્તમાન સમયમાં હશે. પણ તેને યથાસ્થિત જલ, તેજ કે વાયુના પોષણવિના પરિપક્વતાને પહોંચવાને વિલંબ લાગે છે. આજે આરંભેલું કાર્ય આજ, કાલ કે વર્ષો વિત્યા પછી સંપૂર્ણ થાય છે. અને કદાપિ એવું પણ બને છે કે આરંભેલું કાર્ય આ જીવિતની ટૂંકી મુસાફરીમાં પૂરૂં નથી પણ થતું. પરંતુ આપણે તો પુનર્જન્મને માનનાર આર્યવર્ગના છીએ. આપણા શાસ્ત્ર પ્રમાણે તો આરંભેલું કાર્ય જો દૃઢ પ્રતિજ્ઞાપૂર્વક હોય છે તો આવતા જન્મમાં પણ પૂરૂં કરવાની આપણને સઘળી અનુકુળતા મળે છે, માટે જે સદ્ગુણોના સુપાત્ર પંડિત અયોધ્યાનાથ હતા તેજ સદ્ગુણોનો તમારા અંતઃકરણમાં વાસ પામીને ઉત્તરોત્તર તમે સર્વોત્તમ સદ્ગુણમૂર્તિ થાઓ એવા હેતુથી જે આ અલ્પ પ્રયાસ કરવામાં આવે છે, તેમાં તમારા જે-

વા વિદ્યાર્થીઓ વગર આ અમૃત ભરવાને બીજું સુપાત્ર નથી. માટે આશા છે કે માત્ર વાંચી જવાને માટેજ વાંચવું એમ ન માનતાં અભ્યાસ કરી સાર સંગ્રહ કરવાની લાલસાથીજ વાંચવું. બાવને અક્ષરોનું કે તેની બધીએ બારાક્ષરીનું જ્ઞાન થતાં ગમે તે પુસ્તક વાંચતાં અમને આવડે છે, અને તેથી સ્વભાષામાં લખેલું અને તે વાંચેલું તે સમજીજ ગયા છીએ, એવા વિશ્વાસમાં ન રહેતાં અભ્યાસ કરવાને વાંચવું એવી સર્વ વિદ્યાર્થીઓને પ્રાર્થના છે.





જન્મકાલ અને વિદ્યાભ્યાસ.

પંડિત અયોધ્યાનાથનો જન્મ ઉત્તરહિંદુ-
સ્તાનમાં આગ્રા શહેરમાં ઇ૦ સ૦ ૧૮૩૯ માં થ-
યો હતો. એ જાતે કાશ્મીરી બ્રાહ્મણ હતા. એ-
મના વડીલ ઝાઝર નામના સંસ્થાનના દિવાન
હતા; સિવાય તે મોટા સાહુકાર હતા અને મોટી
પેઢીનો વહીવટ ચલાવતા. હુંડીપત્રી અને વ્યાપા-
રમાં એ નિપુણ હતા, અને ભારે વેપાર ખેડતા.
અયોધ્યાનાથનો સ્વભાવ બાલપણથીજ ચપલ અને
સહેજ હઠીલો હતો. છેક બાલપણથીજ એમને વિ-
દ્યાદાન દેવાનો એમના પિતાનો વિચાર થયો. આ-
ઠમા વર્ષમાં એમને એક ગામઠી શાળામાં શીખ-
વાને મૂકયા. ત્યાં થોડા સમયમાં દેશી ભાષામાં
સારો અભ્યાસ કર્યો. પછી એમને આગ્રાના અંગ્રે-
જી સ્કૂલમાં અંગ્રેજી શીખવા વાસ્તે મૂકયા. બુ-
દ્ધિચાપલ્ય ઘણું હોવાથી પરદેશી અંગ્રેજી ભાષા-
માં પણ એમણે ઘણી પ્રવીણતા મેળવી. એમના
પિતાની તો એવી ઇચ્છા હતી કે અંગ્રેજી અભ્યા-
સ કરાવ્યા પછી, એમને પોતાના શરાફી ધંધા-

૪૦૨૦

માંજ નાંખવા; અને ઘરનો, પેઢીનો અને વ્યાપારનો બધો ભાર એમનાપર નાખવો. પણ પંડિતને સાહુકાર કહેવરાવવા કરતાં વકીલ બારીસ્ટર કહેવરાવવાની ઘણી હોંસ હતી. તેથી વ્યાપારમાં મન ન ઘાલતાં, એમણે કાયદાનો અભ્યાસ આરંભ્યો. એ ન્યાયશાસ્ત્રમાં પારંગત થયા અને થોડા સમયમાં હાઈકોર્ટના વકીલની એમને સનંદ મળી. વાયવ્ય પ્રાંતની હાઇ કોર્ટમાં તેમણે તેથી વકીલાતનું કામ આરંભ્યું. પોતાના બુદ્ધિબલથી, ન્યાયશાસ્ત્રની નિપુણતાથી અને સમયસૂચકતા તેમજ વાક્પટુતાથી વાયવ્ય પ્રાંતની હાઈકોર્ટમાં થોડા વખતમાં સર્વોત્તમ વકીલ તરીકે એમણે કીર્તિ સંપાદન કરી.

વાયવ્ય પ્રાંતની રાજધાનીનું નગર તે વખતે આગ્રા હતું; અને તેથી હાઈ કોર્ટ પણ આગ્રામાંજ હતી.

સને ૧૮૫૭ માં ઉત્તર હિંદુસ્તાનમાં મોટું બંડ થયું. જેની શોકકારક બીનાના હેવાલો દરેક વિદ્યાર્થી જાણે છે. આ દુષ્ટ સમયની અસર આગ્રાને પણ લાગી. આગ્રા શહેર અને તેનો કિલ્લો પોતાને સ્વાધીન લેવાને બંડખોરોએ ઘણીજ મહેનત કરી. અને તેમાં લોકોના જાનમાલની ઘણી

ખરાબી થઇ. આગ્રામાં અંગ્રેજી લશ્કરની છાવ-
ણી અને સેના પણ સારી હતી. આટલું છતાં
બંડખોરોએ જુલમ કરવામાં કચાશ રાખી નહીં.

પંડિત અયોધ્યાનાથનું કુટુમ્બ સરકારમાં
ઘણો વગ ધરાવતું હતું અને લોકપ્રિય હતું, તેથી
પંડિતજીને ઈશ્વર કૃપાએ થોડુંજ સોસવું પડયું.
પરંતુ બંડની સમાપ્તિ થયા પછી, વાયવ્ય પ્રાંત-
ની હાઇ કોર્ટ આગ્રામાંથી અલાહાબાદ લઈ જ-
વામાં આવી. આથી કરીને પડિતનું કુટુમ્બ પણ
પોતાની સઘળી દોલત સહિત અલાહાબાદમાંજ
નિવાસ કરવા આવ્યું. અત્રે આવ્યા પછી પંડિત
અયોધ્યાનાથના પિતાનો સ્વર્ગવાસ થયો. અને
પંડિતને પિતૃશોકમાં નાખ્યા.





સંસારનો ભાર અને કાર્યમાં કુશળતા.

પોતાના પિતાનું મૃત્યુ થવાથી સંસારનો સર્વ ભાર પંડિતજી ઉપર પડયો. પોતે પોતાની પેઢીની ઉત્તમ પ્રકારે વ્યવસ્થા કરી; અને વેપાર રોજગાર મોટી દક્ષતાથી (ડહાપણથી) ચલાવ્યો. વિદ્વાન્ વર્ગમાં પંડિતના ઉપર હેત વધી ગયું; પંડિતજીને બાલપણથીજ લોકસેવા બજાવવાની હોંસ ઘણી હતી. અને તેથી પોતાના હાથમાં ધનનો કારભાર આવ્યા પછી તે વખતથી તે મરણ પર્યંત, સાર્વજનિક હિતમાં પોતાનાં તન મન અને ધનનો ભોગ આપવામાં તેમણે ઉદાહરણ લેવા લાયક વર્તન કર્યું છે. તે નિચેના દાખલાથી સહેજ જણાઇ આવશે.

પાયોનિયર (Pioneer) નામે વર્તમાન પત્ર, **એન્ગ્લોઇન્ડિયનોના** લાભ માટે અલ્હાબાદમાં પ્રકટ થાય છે. તે વારંવાર દેશીલોકના હિતની સામે એટલુંબધું લખાણ કરતું કે, ઘણા વાજબી દેશીહક ઉપર તે ઇર્ષાથી જોતું એટલુંજ નહીં, પણ ખરી વાતને પોતાને બંધબેસતા આકા-

રમાં ગોઠવવાને પણ તે ચૂકતું નહીં. આ એકત-રફી દાર તોડવાને પંડિતે નિશ્ચય કર્યો; અને ઇન્ડિ-યન હેરલ્ડ (Indian Harald) એ નામનું એક વર્તમાન પત્ર પોતે કાઢ્યું. પરંતુ દેશી સાહસને ઉત્તેજન ન આપતાં, અંગ્રેજી પત્રોથીજ મોહી જ-નાર આપણા દેશીઓ તરફથી એની જેવી જોઇએ તેવી બૂજ થઈ નહીં. અને તે કારણથી એ પત્ર આખરે બંધ કરવું પડ્યું! પરંતુ આ કાર્યમાં પંડિતજીએ એક લાખ રૂપીઆની ખોટ ખમી એમ કહેવાયછે! એવા વીર પુરૂષને ધન્ય છે!

પંડિત ઘણાજ સ્વદેશપ્રેમી હતા. તેની સાથે તે ઘણાજ સ્પષ્ટવક્તા હતા. પોતાના દેશ-નો અને દેશીબંધુનો ઉદય થએલો જોવાને તે અ-ત્યંત આતુર હોવાથી તેમનાં કામ ઉપર છાલકા મગજના કોઇકોઇ એન્ગ્લોઇન્ડિયનો ધિક્કારથી જો-તા. પરંતુ ઉદારવૃત્તિના અંગ્રેજ ગૃહસ્થો તો પંડિ-તની સ્વદેશભક્તિ જોઈ એમને બહુ માન આપ-તા પોતે માનના ભૂખ્યા નહોતા, તેથી અધિકારી વર્ગને "જો હુકમ" શબ્દથી વધાવી લેતા નહીં. અને પોતાના સ્વદેશી કેટલાક ગૃહસ્થોનો એવો અવગુણ જોઇ પોતે ઘણાજ નાખુશ થતા.



ખોટું થાય તે સારાને કાજે.

ઇ૦ સ૦ ૧૮૮૧ માં સરકારનો એક એવો ઠરાવ થયો કે પ્રત્યેક હાઇકોર્ટમાં એક દેશીજજની નેમણુક કરવી. તેથી અલાહાબાદની હાઇકોર્ટના ચીફ જસ્ટીસ સર રોબર્ટ સ્ટુઅર્ટે હિંદુસ્તાનની સરકાર ઉપર પંડિતજીની નીમણુંક કરવા સારૂ સખત ભલામણ કરી. પણ સરકાર તે વખતે મુસલમાન કોમને વધારે લાભ કરી આપવાની રાજનીતિ ચલાવતી હતી, તેથી કોઇ મુસલમાન ગૃહસ્થ નીમવાની સરકારની ઇચ્છા થઈ. અને એ મોટું માન નેશનલ કોન્ગ્રેસના મુખ્ય પ્રતિસ્પર્દ્ધિ સર સૈયદ અહમદના બેટા મી૦ મહમુદને મળ્યું. આથી પંડિતને કાંઈ અસંતોષ થયો નહીં, તેથી ઉલટું સરકારી નોકરીના બંધનમાં ન જોડાયાથી સ્વતંત્ર રહેવાના લાભને લીધે તેઓ ઘણા ખુશી થયા. અને ખરેખર એ લાભ આપણી હિંદી પ્રજાને કાંઈ જેવો તેવો ન થયો. તેઓએ કોન્ગ્રેસના સંયુક્ત મંત્રી તરીકે કોન્ગ્રેસના પિતા મી૦ હ્યુમ સાથે ભારે સેવા દેશની બજાવી છે.


અલાહાબાદની યુનીવરસીટીની સ્થાપના થ- થઈ ત્યારે પહેલવેહેલીથીજ ફેલો તરીકેની નીમ- ણુંક એમની થઈ. એમણે એ યુનિવરસિટીને આ- બાદ અને માનવંતી બનાવવાને ઘણોજ વખતનો ભોગ આપ્યો છે. યુનિવરસિટીનું બંધારણ કર- વવામાં પણ એમની સલાહ સારીપેઠે લેવામાં આ વી હતી.

વાયવ્ય પ્રાંતમાં જ્યારે કાયદા બાંધનારી કૌન્સિલ સ્થાપવામાં આવી ત્યારે પંડિત અયો- ધ્યાનાથને તરતજ પહેલ વહેલા દેશી સભાસદ ની- મવામાં આવ્યા. આ માન તેમને તે વખતના લેફ્ટેનન્ટ ગવર્નર સર આલફ્રેડ લાયલ તરફથી મ- ળ્યું. પોતાનું કર્તવ્ય એમણે એવી સારીરીતે બ- જાવ્યું કે રાજા અને પ્રજા બન્નેની પ્રીતિ એમણે સંપાદન કીધી. અને એમની મુદત પૂરી થયા પછી બીજીવાર સર ઓકલેન્ડ કોલ્વીને તેમને સ- ભાસદ નીમીને તેમનું સન્માન વધાર્યું.

કાયદા બાંધનારી કૌન્સિલના મેમ્બરને ના- મદાર (ઑનરેબલ)નું માનવંતુ પદ મળેછે. પરંતુ તે કાંઈ માનના ભૂખ્યા નહીં હતા. માત્ર પોતાનું કર્તવ્ય બજાવવામાં સાર્થકતા સમજતા હતા. અને તેથી પોતાની ન્યાયબુદ્ધિને એ કૌન્સિલનું કોઈ

કાર્ય અનુકૂલ ન પડવાથી એમણે માનની દરકાર રાખ્યા સિવાય પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું. અને એ કૌન્સિલો માત્ર એક ફારસ જેવી છે અને પ્રજાપક્ષના સભાસદોના વિચારની કાંઈ દરકાર કરવામાં આવતીજ નથી એવો એમનો અભિપ્રાય થયો. અને નેશનલ કોન્ગ્રેસમાં એક વખતે ભાષણ આપતી વખતે એ વિચાર એમણે નિડરતાથી જણાવ્યો છે.

કૌન્સિલના સભાસદ હોવા ઉપરાંત તેઓ યુનિવરસિટીના ફેલો, અલાહાબાદ મ્યુનિસિપાલીટીના કમિશનર અને મૂર કૉલેજમાં લૉ લેકચરર એટલે કાયદા સંબંધી અભ્યાસ કરાવવાને માટે પ્રોફેસર નીમાયા હતા. અને એ સર્વે સ્થલે પોતાનું ઉપયોગીપણું સારી રીતે બતાવી આપાને પોતે નામના મેળવી.



એમની સ્વદેશભક્તિ.

પરંતુ પંડિતજી જે ગુણવડે આખા હિંદુસ્તાનમાં લોકપ્રિય થયા છે તે મહાન્ સદ્‌ગુણ તો તેમની સ્વદેશભક્તિનો છે. આ સ્વદેશભક્તિનો ગુણ એમનામાં કેટલો બધો વાસ કરીને રહ્યો હતો તેનુ પ્રમાણ બાંધવાને કોઈ સમર્થજ નથી. એમણે લાખો રૂપીઆ, સરકારી માન અકરામ અને નફ્ટ ચાકરીની દરકાર ન કરતાં પોતાના આત્માનું સમર્પણ દેશસેવામાં કર્યું છે. તે માત્ર પ્રશંસનીય એટલે વખાણવા લાયકનુંજ છે એટલુંજ નહીં, પરંતુ તે અનુકરણીય એટલે એમનું જોઇને બીજાને તે પગલે ચાલવા લાયક પણ છે. એમનું ખરૂં સ્વદેશાભિમાન નેશનલ કૉન્ગ્રેસની સ્થાપના પછી તેની સભાઓમાં સંપૂર્ણ આકારમાં જણાઈ આવ્યું છે. તેનું કાંઈક દર્શન આપણે હવે કરીશું.

જો કે રાષ્ટ્રીય સભાનું સ્થાપન તો સને ૧૮૮૫ માં પ્રથમ મુંબઈ શહેરમાં થયું હતું, પરંતુ પંડિતજીનું નામ ૧૮૮૮ સૂધી હિંદુસ્તાનના બીજા ભાગમાં અજાણ્યું હતું. એ સભાનો બીજો

સમારંભ કલકત્તામાં સને ૧૮૮૬ માં અને ત્રીજો સમારંભ મદ્રાસ નગરમાં સને ૧૮૮૭ માં થયો. એ ત્રીજા સમારંભમાં પણ પંડિતજીની મૂર્તિ દીઠામાં આવી નથી. આટલા સુધી પંડિતજી એ સભાથી અજ્ઞાન હતા એમ નથી; પણ માત્ર બારીક દૃષ્ટિથી એ મહાન સભાનાં દરેક કાર્યો તપાસતા હતા. અને એ સભાના હેતુઓ અને તેના નિયંતાઓની દૃઢતાનું અવલોકન કરતા હતા. અને પોતાની ખાતરનિશા થતાંજ ગુફામાંથી જેમ સિંહ નિકળી ગર્જના કરી વનરાજપદની આણ વર્તાવે તેમ એ વીરપુરૂષ ગાજવા લાગ્યા.

એ રાષ્ટ્રીય સભાનો ઉદ્‌ભવ યોગ્ય હતો કે કવખતનો હતો, તેણે કંઈ કાર્ય સિદ્ધ કર્યું છે કે નહીં એ સવાલની તપાસ કરવી એ કાર્ય જુદું છે. તેમજ રાષ્ટ્રીય સભા (જે અંગ્રેજીમાં નેશનલ કોન્ગ્રેસ એ નામથી બોલાય છે) તે સ્થાપવાથી હાની થઈ છે કે લાભ, એ રાજ્યભક્ત મંડલ છે કે રાજ્યદ્રોહી મંડલ છે તે નિર્ણય કરવાનું કામ આપણું નથી. તેનો નિર્ણય તો ભવિષ્યકાલ કરશે. વિદ્યાર્થીઓને તો તેમાં માથું મારવાની મુદ્દલ જરૂર નથી. કેમકે વિદ્યા સંપાદન કરવાના સમયમાં અન્ય સ્થલે ચિત્ત રાખવું એ વિદ્યા સંપાદનમાં વિઘ્ન નાખવા બ-

રોબર છે. છતાં પણ અત્રે તે વિષે લખવામાં આવ્યું છે તે તેના પક્ષમાં કે વિરૂદ્ધમાં બોલવા માટે નહીં પણ માત્ર સ્વદેશભક્ત ઑનરેબલ પંડિત અયોધ્યાનાથની સ્વદેશભક્તિનું દિગ્દર્શન કરાવવાનેજ અર્થે છે.

પંડિતજીના સંબંધે એટલું તો છાતી ઠોકીને કહેવાશે કે એ નિડર યોદ્ધાએ પોતાની જન્મભૂમિના ઉદ્ધારને વાસ્તે માનની કે અપમાનની, શ્રીમંતની કે ગરીબની, પ્રજાની કે રાજાની કોઇની પણ દરકાર રાખી નથી અને માતૃભૂમિની પૂજામાંજ પોતાના જન્મનું સાફલ્ય માન્યું છે. એ નિચેની વાતથી સહજ સિદ્ધ થશે. બિનારસના રાજા શિવપ્રસાદ અને અલિગઢના વિદ્વાન મુસલમાન ગૃહસ્થ સર સૈયદ અહમદ—(સભાનો હેતુ ન સમજાયાથી કે કાંઈ સ્વાર્થથી) આ રાષ્ટ્રીય સભાના વિરૂદ્ધ પક્ષમાં પડયા. અને તેમાં વાયવ્ય ખૂણાના પ્રાન્તોના ગવર્નર સર ઑકલૅન્ડ કોલવીન જેવો સત્તાધારી હાકિમ મદદ કરવા લાગ્યો. અને અલાહાબાદ, જે વાયવ્ય પ્રાંતોની રાજધાનીનું નગર તેમાંજ પૈસાનો, વખતનો, અને અમલદાર વર્ગની પ્રીતિ સંપાદન કરવાથી જે પ્રાપ્ત થાય તે સર્વેનો ભોગ આપીને એ સભાના વિજયની ધ્વજા

આ દેશમાંજ ફરકાવી. તેવા પુરૂષની સ્વદેશભક્તિને હજારવાર ધન્યછે! અને એવા મહાપુરૂષને જન્મ આપનારી જન્મભૂમિને પણ લક્ષાવધિ ધન્યવાદ છે!

પંડિત અયોધ્યાનાથની વક્તૃત્વ શક્તિ કાંઇ અલૌકિકજ હતી. ભવ્યમૂર્તિ, કાશ્મીરી પોશાક, વાણીનું માધુર્ય, અંગ્રેજી ભાષાની નિપુણતા અને હૃદયમાં લાગેલો કારીશ્વા સભાજનોને પ્રત્યક્ષ કરી આપી તેમાંજ તેમને લીન કરી દેવાની કાંઈક દૈવી શક્તિ પંડિતજી ધરાવતા હતા. વાણી ચાતુર્ય એટલું બધું બલવાન હતું કે જેને આપણે મોહીની કહીએ તો પણ ચાલે. એનાં નીચે જણાવેલાં બે ઉદાહરણ પુરતાં છે.

ગવર્નર સરખા હાકિમની મરજીની વિરૂદ્ધ થઈ દેશદેશથી પ્રતિનિધિની ભારે સંખ્યા અલાહાબાદમાં ભેગી થઈ તે પંડિતજીના ભાષણનાજ બલથી. એક લાખ રૂપીઆ જેટલું ધન ભેગું કરી શક્યા તે એમની વાણીનોજ પ્રતાપ. અને વકીલો, ડાકટરો, અને કૉલેજના વિદ્યાર્થીઓએ લગભગ ત્રણ માસ સુધી એક ત્રાંબાની પાઇનો પણ પગાર લીધા સિવાય રાત્રિદિવસ મહેનત કરી તે પણ એમનુંજ ચાતુર્યબલ. મુસલાન પ્રજાને ભમાવીને એ

રાષ્ટ્રીયસભાથી તેમને દૂર રાખવા ઇચ્છતા હતા તેમનો પરિશ્રમ નિષ્ફલ થયો અને પુષ્કલ મુસલમાન ગૃહસ્થો પ્રતિનિધી તરીકે હાજર થયા એટલુંજ નહીં પણ પંડિતજીના જેટલોજ શ્રમ એ સભા પાર પાડવામાં લેવા લાગ્યા એજ એમના ભાષણની બલિહારી. એમની વાણી એવી તો મોહક હતી કે, સર સૈયદની મૂલવતનની જન્મભૂમિ અલીઘઢ જઇને ત્યાંના મુસલમાન ગૃહસ્થોને રાષ્ટ્રીય સભાના પક્ષમાં લીધા એટલુંજ નહીં પણ ત્યાંથી ૧૧ પ્રતિનિધી પણ અલ્લાહાબાદની કૉન્ગ્રેસ માટે મેળવવા તેઓ ફતેહ પામ્યા !!

સને ૧૮૮૯ માં જ્યારે મુંબઈ શહેરમાં બીજીવાર સભા ભરાઈ ત્યારે કાયદા બાંધનારી સભાના બંધારણ માટે મી૦ નોર્ટને એક દરખાસ્ત રજુ કરી. તેમાં મુસલમાન સભાસદો વિરૂદ્ધમાં પડ્યા, અને આ મોટી સભા મતભેદને લીધે ભાગી પડવાની અણીપર આવી ગઈ એમ મોટા મોટા નિયંતાઓને ભય લાગ્યું. તે વખતે પંડિતજીએ સમય સાચવી લેઈ એક કલાક સુધી ઉર્દુ ભાષામાં એવું છટાદાર ભાષણ આપી, મુસલમાન ગૃહસ્થોની ખાતરી કરી કે તેઓએ વિરૂદ્ધ પક્ષ છોડી દીધો એટલુંજ નહીં, પણ હિંદુ સભાસદો મુસલમાન પ્ર-

જાના ફાયદા માટે પણ ભારે પ્રયાસ કરેછે તે માટે એજ વિરૂદ્ધ પક્ષમાં મત આપનાર મુસલમાન ગૃહસ્થોએ ઉલટું હિંદુ પ્રજાનો ઉપકાર માનવાને ખુશાલીના ત્રણ પુકારો કરાવ્યા, ત્યારે આખું દિવાનખાનું હર્ષમાં ગરકાવ અને પંડિતજીના ચાતુર્ય માટે તેમની મૂર્તિ સામે ચકિત થઈ જોવા લાગ્યું ! એવો એ વાણીવિજય યોદ્ધો હતો.

રાષ્ટ્રીય સભાના પિતા મી૦ હ્યુમ ગણાય છે. તેમણેજ એ સભાને જન્મ આપ્યો, બાલ્યાવસ્થામાં ઉછેરી, પાળી પોષીને નવ વર્ષની કરી. એ મી૦ હ્યુમને વિલાયત જવાનું ઠર્યું ત્યારે પ્રતિસ્પર્ધીઓ હરખાવા લાગ્યા કે હવે મી૦ હ્યુમ સિવાય સભા પડી ભાગશે. પણ મી૦ હ્યુમની સાથે કામ કરવાને પંડિત અયોધ્યાનાથની સંયુક્ત મંત્રી તરિકે નિમણુક થઈ અને એ કાર્ય મી૦ હ્યુમના જેટલીજ દક્ષતાથી પંડિતે કર્યું. અને સભાને મરતી બચાવી.

પંડિત અયોધ્યાનાથ તો ખરેખર અયોનાથજ હતા. સદ્‌ગુણની એ મૂર્તિના દર્શનનો લાભ જેને મળ્યો છે; અને જેઓ હમેશા તેમના સહવાસમાં રહ્યા છે; તેઓને માટે તો એ પૂજનિય મૂર્તિજ હતા. એમના સદ્‌ગુણનો છાપ સામા માણુસના અંતઃકરણપર કોતરાઈ જાય એટલો બધો

તે શુદ્ધ હતો. તેથી પંડિતજીના ગુણનું જ્ઞાન તેમનું મન રટયા કરે એમાં નવાઇ નથી. પરંતુ જેમને તેમના પ્રત્યક્ષ દર્શનનો લાભ મળ્યો નથી અને માત્ર તેમનાં લખાણ અને કાર્યની અસરનો જેમને અનુભવ થયો છે, તે લખાણો ઉપરથી પણ પંડિતજીની મૂર્તિ કોઈ પણ સહૃદયના અંતઃકરણમાં વગર દર્શને પણ કોતરાઈ જતી.

એક વખત શેઠ જગમોહનદાસ વંદ્રાવનદાસ ભાઇશેઠના મકાન આગળ ઉભેલી ગાડીમાં એક પૂજનિય મૂર્તિ જોઇને, કદી પણ દર્શનનો લાભ ન મળેલો અને ફોટોગ્રાફમાં પણ ન જોએલા છતાં માત્ર એમના સદ્ગુણોની સ્મૃતિ થવાથી મને એવો તર્ક થયો કે ખરેખર! પંડિત અયોધ્યાનાથ તે આજ હશે! અથવા આવા હશે! અને તપાસ કરતાં જ્યારે મને માલૂમ પડ્યું કે હું મારી અટકળમાં ખરો છું ત્યારે મારા આનંદનો અને દર્શન થયાના લાભના હર્ષનો પારજ રહ્યો નહીં!



જગન્નિયન્તાનું આમંત્રણ.

સને ૧૮૯૧ માં નાગપૂરમાં રાષ્ટ્રીય સભા ભરવામાં આવી ત્યાં પંડિતજીની ભવ્યમૂર્તિ પ્રમુના ડાબા હાથ તરફ સર્વેના દીઠામાં આવતી હતી. મો૦ હ્યુમની ગેરહાજરીમાં એમણે પુષ્કલ મહેનત કરી. અને આવતે વર્ષે ફરીથી અલાહબાદ સભા બોલાવવાનું એમણે પોતે આમંત્રણ કર્યું. પણ અફસોસ! માણસ ધારેછે કાંઇ ને ઈશ્વરેચ્છા કાંઈ બીજીજ હોય છે. પુષ્કલ શ્રમ કરવાથી અને શરદી લાગવાથી પંડિતની પ્રકૃતિ બગડી અને તેઓ એકદમ સ્વદેશ ગયા. ન્યુમોનિયા નામનું દર્દ તેમને લાગુ થયું અને તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૯૨ ને રોજ આ ભરતખંડની આશાનો સૂર્ય નિસ્તેજ થઈ ગયો અને આ સ્વદેશભક્ત પવિત્ર પુરૂષ પોતાના સદ્વર્તનનો હિસાબ આપવા જગન્નિયંતાની આગળ હસતે વદને ખડો થયો. આખું હિંદુસ્તાન શોકસાગરમાં ડુબ્યું. મી૦ હ્યુમની દીલગીરીનો પારજ ન રહ્યો.

મી૦ હ્યુમે, સધળી કોન્ગ્રેસ કમિટીઓ ઉ-

પર જે પત્ર એ મહાશયના દુઃખદાયક મરણના સમાચારનો લખ્યો છે તેમાંથી નીચેનો પેરેગ્રાફ ખાસ ઉતારી લીધો છે. તેથી જણાય છે કે પંડિતજીને વિષે મી૦ હ્યુમને કેટલું લાગ્યું છે. તે લખે છે કેઃ—

"પંડિત અયોધ્યાનાથના મરણથી મેં પોતે કોઈ પણ મનુષ્યને મળી ન શકે એવો સર્વોત્તમ, અતિ નિડર, કાર્યકુશળતામાં સંપૂર્ણ, અને વફાદાર મિત્ર ગુમાવ્યો છે.

મેં જાતે અને આખા હિંદુસ્તાને એક એવો વીર પુરૂષ ગુમાવ્યો છે કે આ જમાનામાં તો શું પણ કોઈપણ જમાનામાં એના કરતાં વધારે સુદૃઢ, ખંતીલો અને પ્રમાણિક વીર મળી આવવો મુશ્કેલ છે."

અલાહાબાદની હાઇ કોર્ટના તે વખતના ચીફ જસ્ટીસે તેમના મરણનો શોક પ્રદર્શિત કરતાં હાઇ કોર્ટમાં કહ્યું હતું કે કાયદા સંબંધી જ્ઞાનમાં મગજને તસ્દી આપવી પડતી હોવાથી વારંવાર દૃઢતાના ગુણની જરૂર પડે છે અને તેથી ગુંચવાયલા કેસોમાં કોઇપણ પક્ષને અન્યાય ન થાય તેને માટે વિચારશક્તિના તંતુઓને ઘણી તસ્દી આપવી પડતી. પણ જે કેસમાં પંડિત અ-

યોધ્યાનાથ એક પક્ષના વકીલ હોય તે કેસમાં એમની આનંદી મૂર્તિ અને હાવભાવથી મને કદી પણ ગુંચવણવાળો કેસ કંટાળા ભરેલો થઇ પડતો નહીં. વકીલાતના જ્ઞાનમાં કુશળ હોવા છતાં કોઇ પણ કેસ જેમાં કાંઈ અન્યાય અથવા ઠગાઇથી પુરાવો ઉત્પન્ન કર્યો હોય તેમાં ઑનરેબલ પંડિત અયોધ્યાનાથ કદી પણ હાથ ઘાલતા નહીં. તેથી પ્રજાને ન્યાય આપવામાં અને કોર્ટને ન્યાય કરવામાં એઓ હમેશા એક વિશ્વાસનું સાધન થઇ પડતા હતા.

નિરાશામાં આશાનાં કીરણ.

એમના અવસાન સમયે આખા પવિત્ર પ્રયાગ નગરવાસીઓ ભેગા થયા અને છેવટનું માન આપવા સ્મશાનભૂમિપર હાજર થયા. પવિત્રગંગાને કિનારે ચંદનવૃક્ષના સુગંધી કાષ્ટથી એમની કાયાને દહન કર્યું. એમના પવિત્ર શરીરને પહેરાવવાને અલ્લાહાબાદની હાઈ કોર્ટના એક જજ ન્યાયમૂર્તિ નોક્સ સાહેબે એક સુગંધી પુષ્પની માલા મોકલાવી તે પહેરાવીને તેમને અગ્નિસંસ્કાર કર્યો. અને પંચમહાભૂતનો દેહ એજ પંચમહાભૂત સાથે મળી ગયો! દેહ નાશ પામે છે પરંતુ આત્મા નાશ પામતો નથી. એમણે પોતાના સદ્‌વર્તનની એવી તો સારી છાપ પ્રજાપર પાડી છે કે, તે છાપજ જાણે પંડિતજી પોતે પ્રત્યક્ષજ છે. અને એમ કાં ન બને કે પરમ કૃપાલુ પરમેશ્વર આ દેશના ઉદ્ધારને માટે કોઈ પવિત્ર માતાપિતાને ઘેર પંડિતજીને બીજે નામે ન મોકલે! ઈશ્વરની ગતિ ગહન છે.

અલાહાબાદની યુનિવરસિટીના વાઈસ ચેન્સેલર સર જહોન એજે એમની એવી ભારે

સ્તુતિ કરી છે કે પરિસીમા! એક સંસ્કૃત કવિ જેનો શ્લોક આ પ્રકરણને અંતે આપેલો છે તે ઉપરથી સહજ જણાશે કે, એવા પુરૂષના જીવિતનેજ સદા ધન્યવાદ છે કે જેણે વિદ્યા, ધન અને શક્તિનો ઉપયોગ ખલ પુરૂષોની પેઠે, વિવાદ કરવામાં, મદભર વર્તનમાં કે ગરીબને દુઃખ દેવામાં કર્યો નથી; પણ સદા દુનીયાને જ્ઞાન આપવામાં, ગરીબને દાન કરવામાં અને કીડીથી કુંજર પર્યંત સર્વનું રક્ષણ કરવામાં કર્યો છે!

विद्या विवादाय धनं मदाय ।
शक्तिः परेशां परिपीड नाय ॥
खलस्य साधोर्विपरीत मेतत् ।
ज्ञानाय दानायच्च रक्षणाय ॥

સમાપ્ત.

કૃપા કરી વાંચી જાઓ.

નામદાર ન્યાયમૂર્તિ કાશીનાથ ત્ર્યંબક તેલંગનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર લેખક રા. મોહનલાલ પ્રસાદરાય મહેતા. મેહરબાન ડીરેક્ટર સાહેબે ઇનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કર્યું છે. ત્રીજી આવૃતિ કીંમત ૦–૨–૦ ગુજરાતના બધા જીલ્લાના મહેરબાન ડેપ્યુટી ઇન્સ્પેક્ટર સાહેબોએ તથા શહેરની સ્કૂલ બૉર્ડના ચેરમેન સાહેબોએ એને સારી સંખ્યામાં ઈનામ તરીકે વ્હેંચ્યું છે એજ એની લોકપ્રિયતા માટે પુરતું છે. સામટી લેનારને ૧૨ાા ટકા કમીશન મળશે.

છગનલાલ ભીખાલાલ પારેખ,
વિ૦ વિ૦ મિત્રમંડલનો સેક્રેટરી.